# ગોફ્રુગલ એમએસએમઈ રિટેલ સેક્ટર માટે ભારતી સૌથી ઝડપથી વિકસતી ક્લાઉડ ઈઆરપી કંપની

**GOFRUGAL** આજે રિટેલ, રેસ્ટોરન્ટ અને વિતરણ અને બિઝનેસીસ માટે અનુક્રમે **Retail Easy, Serve Easy,** અને **ManageEasy** સહિતની પ્રોડક્ટના 'ઈઝી સ્યુટ'ને લોન્ચ કરવાની જાહેરાત કરી છે. રિટેલર્સ એસોસિયેશન ઓફ ઈન્ડિયાના સીઈઓ શ્રી કુમાર રાજાગોપાલને પરંપરાગત રિટેલ ઉદ્યોગ માટે છેં અને સ્ જેવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને કંપનીનો સૌપ્રથમ એક્સપેરિમેન્ટલ ડિજીટલ સ્ટોર લોન્ચ કર્યો હતો. રિસર્ચ રિપોર્ટ દર્શાવે છે કે ભારતીય રિટેલ ઉદ્યોગ ૧૪ મિલીયન રિટેલર્સ સાથે ૭૦૦ અબજ ડોલરનો હોવાનો મનાય છે. તેમાંથી એમએસએમઈ સેગમેન્ટ બજાર જરિયાતોમાંથી ૬૦-૯૦ ટકા જરૂરિયાતો સંતોષે છે. ડિજિટલ સ્ટોરનું અનાવરણ કરતા રિટેલર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાના સીઈઓ શ્રી રાજાગોપાલાને જણાવ્યું હતું કે, "આધુનિક વેપાર સાથે સહ-અસ્તિત્વ ધરાવતું પરંપરાગત રિટેલ માર્કેટ, આધુનિક અને જીવંત દેખાવા માટે એક ઓળખ પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે. જો કે, ટેક્નોલોજી તેમને અપનાવવા માટે ક્યારેય સસ્તી અથવા યૂઝર ફ્રેન્ડલી રહી નથી.